# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)

BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH

[ Gujarat Public Universities Act No. 15/2023 ]


## પરિપત્ર

**વિષય: શૈક્ષણિક વર્ષ 2024-25માં આંતર કોલેજની રમત-ગમત પ્રવૃત્તિઓ અંગે.**

આથી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સર્વે સંબંધિત કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રોના પ્રો.ઈન્ચાર્જશ્રીઓ તેમજ માન્ય સંસ્થાઓના વડાઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, 2024-25નાં વર્ષ દરમિયાન યોજાનારી જુદી-જુદી આંતર કોલેજ રમત ગમત સ્પર્ધાના આયોજન અને સંચાલનના નિયમો તેમજ સ્પર્ધાઓમાં ભાગ લેતા વિદ્યાર્થીઓએ ધ્યાને લેવાના નિયમો વગેરે નીચે મુજબ છે. સ્પર્ધાઓનું સફળ રીતે આયોજન અને સંચાલન થાય તે માટે આપ બધાનો સાથ અને સહકાર જરૂરી છે.

- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં એનરોલ્ડ થયેલ વિદ્યાર્થીઓ જ સ્પોર્ટસ કેલેન્ડરમાં દર્શાવેલ રમતમાં ભાગ લઈ શકશે.
- ભાગ લેનાર સર્વ કોલેજોએ સંચાલન કરનાર કોલેજના આચાર્યશ્રીને પોતાના ખેલાડીઓને એન્ટ્રી, જરૂરી વિગતો સાથે એન્ટ્રી ફી સાથે સમયસર મોકલી આપવાની રહેશે. અથવા તો ખેલાડીઓના એલીજીબીલીટી ફોર્મ આયોજક કોલેજને સ્પર્ધાના બે દીવસ પહેલા મોકલી દેવા. જેથી સંચાલન કરનાર કોલેજને સ્પર્ધાનાં આયોજનમાં સગવડતા રહે અને આયોજક સંસ્થા સુંદર રીતે આયોજન કરી શકે.
- એલીજીબીલીટી ફોર્મનાં નમુના આ સાથે સામેલ છે તેની ઝેરોક્ષ કરાવવી અથવા ફોર્મ છપાવી લેવા.
- આપની કોલેજના ખેલાડી એલીજીબલ છે કે નહી તે ખાસ ચકાસવું. નિયમ વિરૂધ્ધ રમનાર ખેલાડીને તથા કોલેજને યુનિવર્સિટી સજા કરશે. તેની જવાબદારી કોલેજની રહેશે.
- ભાગ લેનાર કોલેજમાં જો કોઈ ખેલાડી ગેરલાયક ઠરશે તો તે કોલેજને જે તે સ્પર્ધામાંથી ત્રણ વર્ષ માટે ડિસ્કવોલીફાઈડ કરવામાં આવશે.
- સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડીનું એલીજીબીલીટી ફોર્મ સંપુર્ણ વિગતથી ભરેલ હોવું જોઈએ અધુરી વિગતો ચાલશે નહી. ખેલાડીઓએ પોતાનું પુરૂ નામ (પોતાની માર્કશીટ અથવા લિવીંગ સર્ટિફીકેટ મુજબ અંગ્રેજી મૂળાક્ષરોમાં) હોવું અતિ આવશ્યક છે. ખેલાડીઓએ પોતાનો અથવા ખેલાડી સાથે તુરંત સંપર્ક થઈ શકે તેવા વ્યક્તિનો મોબાઈલ નં. લખવો ખાસ જરૂરી છે. તેમજ માતા-પિતા બન્નેના નામ લખવા જરૂરી છે.
- એલીજીબીલીટી ફોર્મમાં ચોટાડેલ ફોટા પર આચાર્યના સહી સિક્કા કરવા તથા નીચેના ડોક્યુમેન્ટ સાથે જોડવા.
  સ્કુલ લીવીંગ સર્ટિ.ની નકલ, 10માં ધોરણની માર્કશીટની નકલ, 12માં ધોરણની માર્કશીટની નકલ, છેલ્લી પરીક્ષાની માર્કશીટની નકલ, જો પી.જી. કોર્ષમાં હોય તો T.Y.ની પરીક્ષાની માર્કશીટની નકલ, કોલેજ ફી ભર્યાની પહોંચની નકલ, આધાર કાર્ડની નકલ ફરજીયાત ફોર્મ સાથે જોડવી
- ભાગ લેનાર દરેક ખેલાડી પાસે તેનું નવું રીન્યુ કરાવેલ ચાલુ વર્ષનું કોલેજ ઓળખપત્ર ફરજીયાત છે તથા આધારકાર્ડ સાથે રાખવું ફરજીયાત છે.
- યુનિવર્સિટી તરફથી નિયત કરેલ એલીજીબીલીટી ફોર્મમાં જ ખેલાડીઓનો ફોટોગ્રાફ ચોટાડી તેના પર આચાર્યશ્રીના સહી અને સિક્કો ફરજીયાત કરાવીને એન્ટ્રી મોકલવાની રહેશે. એક ફોટો અલગથી પીન દ્વારા ચોટાડી રાખવો. આ પ્રમાણે એલીજીબીલીટી ફોર્મ નહી હોય તો ખેલાડીને સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહીં. તેની કાળજી આયોજક કોલેજે રાખવાની રહેશે.




સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus
Bhakta Kavi Narsinh Mehta University Road
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 fax: 0285-2681503

Web: http://www.bknmu.edu.in || Email:phyedu@bknmu.edu.in

- જો કોઈ ખેલાડીનું એલીજીબીલીટી ફોર્મ અધુરી વિગત, ડોક્યુમેન્ટસ તેમજ કોલેજના આચાર્યશ્રીના સહી અને સિક્કા વગરનું હશે. તો ખેલાડી સ્પર્ધામાં ભાગ ન લેવા દેવા તે નિર્ણય આયોજક કોલેજ તેમજ ઓબ્ઝર્વરની જવાબદારી રહેશે.
- સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડીઓએ જે તે રમતને અનુકુળ ડ્રેસ ફરજીયાત પહેરવાનો રહેશે તેમજ ટી-શર્ટમાં આગળ પાછળ નંબર હોવો પણ એટલો જ જરૂરી છે. જેથી પસંદગી સમિતિના સભ્યશ્રીઓને ખેલાડી પસંદ કરવામાં મુશ્કેલી રહે નહી.
- તમામ કોલેજના આચાર્યશ્રીઓને જણાવવાનું કે આંતર કોલેજની જુદી જુદી સ્પર્ધાઓ દરમિયાન ટીમ સાથે મેનેજર મોકલવા અતિ જરૂરી છે. જેથી કરી સંચાલન કરનાર કોલેજોમાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય અથવા સ્પર્ધા દરમ્યાન જરૂરીયાત ઉભી થાય તો ઉપયોગી બની રહે.
- દરેક ભાગ લેનાર કોલેજોએ સંચાલન કરનાર કોલેજને પોતાના સાથ અને સહકાર આપવા ખાસ વિનંતી. આપનાં સાથ અને સહકારથી જ સ્પર્ધાનું સફળ સંચાલન થઈ શકે છે.
- રમતોનું સંચાલન કરનાર કોલેજે દરેક રમતની એન્ટ્રી ફી રૂ. 200/- લેવાની રહેશે. રેફરી ચાર્જ પણ રૂ. 200/- લેવાનો રહેશે.
- આંતર કોલેજ સ્પર્ધા એક દીવસમાં એક અથવા બે સેશન પ્રમાણે ગોઠવવો. તેમજ એથ્લેટીક્સ, ક્રોસ કન્ટ્રી અને સાયક્લીંગ સ્પર્ધા સિવાયની અન્ય રમતોમાં રમતની શરૂઆત સવારે 09:00 વાગ્યે કરવી તે પહેલા વહેલી શરૂઆત ન કરવી.
- કોઈપણ કોલેજને કોઈપણ જાતની ટેક્નીકલ તેમજ રમત-ગમત લગતી અન્ય બાબતોની મુશ્કેલીઓ જણાય તો શારીરિક શિક્ષણ વિભાગ વિભાગને પત્ર દ્વારા અથવા ફોન દ્વારા યા રૂબરૂ સંપર્ક સાધવો.
- આપની કોલેજના પી.ટી.આઈ.શ્રી આંતર યુનિવર્સિટી સ્પર્ધામાં ભાગ લેનાર ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢની કોઈ રમતની ટીમ સાથે જવા ઈચ્છતા હોય તો તેની માહિતી પણ અત્રે મોકલાવશો.

આપ સર્વેનાં સાથ અને સહકારની અપેક્ષા સાથે.

નોંધ: આ સાથે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનું વર્ષ 2024-25નું સ્પોર્ટસ કેલેન્ડર મુકવામાં આવ્યું છે. આ તારીખના 07 દિવસ પહેલા આયોજક કોલેજે પોતાના લેટરપેડ પર તારીખ, સ્પર્ધા સ્થળ અને નિયમોનો પરીપત્ર યુનિવર્સિટીને મોકલાવવાનો રહેશે જે વિદ્યાર્થીઓની જાણ સારુ યુનિવર્સિટીની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે. સ્પર્ધામાં ભાગ લેનાર કોલેજોએ પોતાની લેખીત એન્ટ્રી કોલેજના લેટરપેડ ઉપર લખી, સંચાલક કોલેજને સ્પર્ધા તારીખ પહેલા ત્રણ દિવસમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે.

- નિયત સમયમાં એન્ટ્રી નહી મોકલનાર કોલેજને સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે નહી.
- કોઈપણ રમતમાં ચાર ટીમથી ઓછી સંખ્યા હશે તો સ્પર્ધા કેન્સલ કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.

**જોડાણ: (1) આંતર કોલેજ રમત ગમત સ્પર્ધા કેલેન્ડર 2024-25**
**(2) એલીજીબીલીટી ફોર્મનો નમૂનો**

ક્રમાંક/બીકેએનએમયુ/શા.શી./234/2024
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
ખડીયા, જૂનાગઢ-૩૬૨૨૬૩.
તા.10/07/2024

Coordinator
Physical Education Cell
BKNMU Junagadh




સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus
Bhakta Kavi Narsinh Mehta University Road
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 fax: 0285-2681503

Web: http://www.bknmu.edu.in || Email:phyedu@bknmu.edu.in

प्रति,

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/ પી.જી. સેન્ટરના વડાઓ તરફ...

નકલ સાદર રવાના: (1) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ...

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે. (1) આઈ.ટી. સેલ વેબસાઈટ પણ પ્રસિધ્ધ થવા અર્થે.

**Inter College Sports Calender 2024-25**

| no | Competition/ Event | Organizing College | Proposed date of competition |
|---|---|---|---|
| 1 | Weight Lifting (M/W) | Bahauddin Arts College, Junagadh | 02-08-2024 |
| 3 | Power Lifting (M/W) | Bahauddin Arts College, Junagadh | 03-08-2024 |
| 5 | Karate & Wushu (M/W) | Dr. Subhash Nursing College, Junagadh | 06-08-2024 |
| 9 | Chess (M/W) | Bahauddin Science College, Junagadh | 09-08-2024 |
| 11 | Cross Country Races (M/W) | N.P. Arts & Commerce College, Keshod | 13-08-2024 |
| 13 | Yoga (M/W) | Pending | 17-08-2024 |
| 15 | Table Tennis (M) | Choksi Arts & Comm. College Veraval | 30-08-2024 |
| 16 | Table Tennis (W) | Choksi Arts & Comm. College Veraval | 31-08-2024 |
| 17 | Wrestling (M/W) | Yadunandan College, Jam Khambhaliya | 03-09-2024 |
| 19 | Badminton (M/W) | J.J.C. Commerce College, Junagadh | 06-09-2024 |
| 21 | Volleyball (M) | Karmayogi Arts, Comm. & B.R.S. College Gadu | 10-09-2024 |
| 22 | Volleyball (W) | K.D. Barad Arts & Science College, Kodinar | 13-09-2024 |
| 23 | Judo (M/W) | S.M. Jadeja Arts & Comm. College, Kutiyana | 21-09-2024 |
| 25 | Kabaddi (W) | K.D. Barad Arts & Science College, Kodinar | 24-09-2024 |
| 26 | Kabaddi (M) | Pending | 27-09-2024 |
| 27 | Kho-kho (W) | M.M. Ghodasara Mahila Arts & Comm. College Junagadh | 05-10-2024 |
| 28 | Basketball (W) | M.M. Ghodasara Mahila Arts & Comm. College Junagadh | 08-10-2024 |
| 29 | Tug of War (M/W) | N.P. Arts & Commerce College, Keshod | 15-10-2024 |
| 31 | Handball (M/W) | N.P. Arts & Commerce College, Keshod | 19-10-2024 |
| 33 | Kho-kho (M) | Bhakta Kavi Narsinh Mehta University, Junagadh | 25-10-2024 |
| 34 | Cycling Road (M/W) | J.J.C. Commerce College, Junagadh | 04-01-2025 |
| 36 | Softball (M) | J.J.C. Commerce College, Junagadh | 18-01-2025 |
| 37 | Athletics (M/W) | Bhakta Kavi Narsinh Mehta University, Junagadh | Decembar |
| 39 | Cricket (M) | V.J. Modha College Porbandar | Decembar |
| 40 | Softball (W) | Pending | Pending |
| 41 | Swimming (M/W) | Bhakta Kavi Narsinh Mehta University, Junagadh | Pending |

Coordinator
Physical Education Cell
BKNMU Junagadh




સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus
Bhakta Kavi Narsinh Mehta University Road
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 fax: 0285-2681503

Web: http://www.bknmu.edu.in || Email:phyedu@bknmu.edu.in

**BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH**

[ Gujarat Public Universities Act No. 15/2023 ]

# ELIGIBILITY FORM FOR INTER COLLEGE & INTER UNIVERSITY TOURNAMENT

Sports ______________________________(men/women)

Organizing College______________________________

______________________________

Participating College or Dep't.______________________________

College Code______________________________

અહિ વિદ્યાર્થીએ પોતાનો પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોટાડવો તથા આચાર્યશ્રીના સહિ તથા સિક્કા કરાવવા.

**(PLEASE WRITE IN CAPLTAL LETTERS) નીચેની માહિતી પુરી ભરવી.**

Surname Name Father's Name

1. Name of Student:______________________________
2. Mother's Name: ______________________________
3. Address:______________________________
   ______________________________
   ______________________________
4. Contact No.(Res.)__________________ (Mob.)__________________
5. Date of Birth:__________________ ADHAR NO. __________________
6. Year Of Passing the H.S.C. Exam. : __________________
7. Year of First Admission to University : __________________
8. Present Class:__________________ Present Course : __________________

| | No. | Class | Admission Year | College/ Inst. |
|---|---|---|---|---|
| U.G. | 1 | F.Y. | | |
| | 2 | S.Y. | | |
| | 3 | T.Y. | | |

| | | | | |
|---|---|---|---|---|
| P.G. | 1 | Part I | | |
| | 2 | Part II | | |

9. Duration of Present Course :______________________________
10. Number of Years of Previous Participation :______________________________

Graduate Course__________________ P.G. Course__________________

**Remarks Any**:______________________________

This is to certified that the above particulars are true as per records of the college/Department.

**Dt. / /20** **seal of the College** **P.T.I.** **Principal /Stemp**

**Only Use for The University.**

This is to Certified that the above particulars are true as per records of the University.

ફોર્મ સાથે નીચે જણાવ્યા મુજબના ડોક્યુમેન્ટ ફરજીયાત જોડવાના રહેશે.

1) સ્કુલ લીવીંગ સર્ટિ.ની નકલ,
2) 10માં ધોરણની માર્કશીટની નકલ,
3) 12માં ધોરણની માર્કશીટની નકલ,
4) છેલ્લી પરીક્ષાની માર્કશીટની નકલ,
5) જો પી.જી. કોર્ષમાં હોય તો T.Y.ની પરીક્ષાની માર્કશીટની નકલ,
6) કોલેજ ફી ભર્યાની પહોંચની નકલ
7) ફોર્મ સિવાયનો એક વધારાનો પાસપોર્ટ સાઈઝનો ફોટો સાથે જોડવો .
8) આધાર કાર્ડની નકલ